सत्यमेव जयते

Government of Gujarat

**વર્ષ ૨૦૨૨-૨૩ નવી બાબત**
**માંગણી ક્રમાંકઃ ૯૬, ૩.૦૬.૦૦/- લાખ**

---

**આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૦૧ (એક) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ક્રમિક વિકાસથી શરૂ કરેલ ધોરણ-૦૯ના વર્ગમાં શૈક્ષણિક મહેકમ મંજૂર કરવાની નવી બાબત.**

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૧૨૦૨૧/ન.બા-૦૨/ઘ**

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૬/૦૫/૨૦૨૨

**વંચાણે લીધા :-**

(૧) મુંબઇ સરકારના શિક્ષણ વિભાગનો તા.૨૨/૧૨/૧૯૫૩નો ઠરાવ ક્રમાંક:BCH-૧૬૫૩-ED

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૫/૧૧/૧૯૮૮નો ઠરાવ ક્રમાંક:અમશ/૧૪૮૮/૬૬૫/ગ

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૭/૦૨/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક:અમશ/૧૫૧૦/મં-૩/ઘ

(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૮/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૧૨૦૨૦/ન.બા-૨૦/ઘ

(૫) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૩૧/૦૭/૨૦૨૧નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૧૨૦૨૧/ન.બા-૧૩/ઘ

(૬) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના તા.૨૯/૧૧/૨૦૨૧ના પત્રો ક્રમાંકઃ આવિ/આશા/ ફા.નં.૨૮૨૭/૨૦૨૧/૧૨૮૯

**પ્રસ્તાવના :-**

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૪)ના તા.૧૮/૦૧/૨૦૨૧ના ઠરાવથી સને ૨૦૨૦-૨૧ની નવી બાબત તરીકે બિન આદિજાતિ વિસ્તાર યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૦૪(ચાર) ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૧૦ (દસ) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ધોરણ-૦૯નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ. પરંતુ, ઉક્ત ઠરાવની શરત નં. (૧) અન્વયે આ ૧૪ ક્રમિક વિકાસના વર્ગ માટે કોઇ શૈક્ષણિક, બિન શૈક્ષણિક કે વહીવટી સ્ટાફની ભરતી કરવાંની મંજૂર આપવામાં આવેલ ન હતી. ત્યાર બાદ વંચાણે લીધેલ ક્રમાંક (૫)ના આ વિભાગના તા.૩૧/૦૭/૨૦૨૧ના ઠરાવથી ધોરણ-૯ની બિન આદિજાતિ વિસ્તાર યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૦૪(ચાર) ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૦૯ (નવ) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ માટે શૈક્ષણિક મહેકમ મંજૂર કરવામાં આવેલ હતુ. આથી બાકી રહેલ ધોરણ-૦૯ની ૦૧(એક) ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં શૈક્ષણિક મહેકમ માટે કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના વંચાણે લીધેલ ક્રમાંક (૬)ના તા.૨૯/૧૧/૨૦૨૧ના પત્રથી ધોરણ-૦૯ની આદિજાતિ

વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૦૧ (એક) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ માટે રૂ.૦૬.૦૦/– લાખની સને ૨૦૨૨–૨૩ની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ હતી. જ્યારે વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે, દરખાસ્ત હેઠળની ધોરણ–૦૯ની કુલ ૦૧(એક) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ક્રમિક વિકાસથી મંજૂર થયેલ વર્ગ માટે શૈક્ષણિક મહેકમ મંજૂર કરવા માટે ૦૧ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ક્રમિક વિકાસથી મંજૂર થયેલ વર્ગ માટે કુલ–૨ (બે) શિક્ષણ સહાયકનું શૈક્ષણિક મહેકમ મંજૂર કરવામાં આવે છે.

જે અન્વયે નીચેની યાદી મુજબની આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ૦૧ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ધોરણ–૯ના ક્રમિક વિકાસથી મંજૂર કરેલ વર્ગ માટે શૈક્ષણિક મહેકમ મંજૂર કરવા અંગેની રૂ.૦૬.૦૦/– લાખની નવી બાબતને નીચેની શરતો આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે :

**ધોરણ–૦૯નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવાની મંજૂરી આપેલ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓને શૈક્ષણિક મહેકમ મંજૂર કરવા અંગેની યાદી**

| આદિજાતિ વિસ્તાર પેટા યોજના | | |
|---|---|---|
| **ક્રમ** | **સંસ્થાનું નામ** | **આશ્રમશાળાનું સ્થળ** |
| ૧ | વનવાસી સેવા પરિષદ,વીજળી, જિ.છોટા ઉદેપુર | જસ્કી, જિ.છોટા ઉદેપુર |

**શરતો :-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨–૨૩ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો–વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૯) સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સામાન્ય વહીવટ વિભાગ/નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૩) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

(૧૪) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

(૧૫) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૧૬) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૭) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ આ વિભાગને દરખાસ્ત રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે

(૧૮) સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૯) રાજ્ય સરકાર દ્વારા નિયત કરેલ કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૨૦) ગુજરાત સરકારના નિયમો મુજબ વર્ગ–૩ સંવર્ગની તમામ જગ્યાઓ વૉક ઇન ઇન્ટર્વ્યુ(સાક્ષાત્કાર કસોટી) દ્વારા ભરી શકાશે નહી.

(૨૧) આદિજાતિ વિકાસ વિભાગ કે શિક્ષણ વિભાગ દ્વારા વખતોવખત નિયત કરેલ શિક્ષણ વિષયક સામાન્ય નિયમોનું કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ ઉચિત રીતે પાલન કરવાનું રહેશે.

(૨૨) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

ક્રમિક વિકાસથી મંજૂર થયેલ ધોરણ–૦૯ના ઉક્ત વર્ગ માટે શૈક્ષણિક મહેકમ મંજૂર કરવાની પ્રસ્તુત રૂ.૦૬.૦૦/– લાખની નવી બાબતનો ખર્ચ વર્ષ ૨૦૨૨–૨૩ના અંદાજપત્રમાં નીચેના પત્રકની વિગતોએ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

| **ક્રમ** | **માંગણી ક્રમાંક અને સદરની વિગત** | **મંજૂર થયેલ રકમ (લાખમાં)** | **શૈ.મહેકમ મંજૂર કરેલ વર્ગની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | **અનુસૂચિત જનજાતિ વિસ્તાર**<br>માંગણી ક્રમાંકઃ ૯૬ મહેસૂલ, મુખ્ય સદરઃ ૨૨૨૫–અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના ૦૯ વીકેવાય–૧૧: સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુદાનિત આશ્રમશાળા ઉ.બુ.આશ્રમશાળાઓ | ૦૬.૦૦ | ૦૧ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૮/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(આઇ.એ.દેસાઇ)**
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ:–**

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી,આદિજાતિ વિકાસ,બિરસામુંડા ભવન,સેકટર-૧૦/એ,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ.
- સિલેકટ ફાઇલ